॥ પરસ્પરદેવો ભવ ॥

# શ્રીરંગ સેવા





## આરતી હનુમાનજીની

જય જય જય બજરંગ
જય જય વાયુકુમાર, અંજની સુત ધીરા, (૨)
રાક્ષસદલ સંહારા, જય વાનર વીરા..... જય. ૧

અવતરતાં જ ક્ષુધા-પીડિત તું ઊડ્યો, (૨)
માની રવિફલ ખાવા, સુરગણ રગદોળ્યો..... જય. ૨

રામદૂત હનુમાન, બુદ્ધિનો ભંડાર, (૨)
સીતા શુદ્ધિ કાજે કૂદ્યો સાગર પાર..... જય. ૩

અહિ-મહિ-રાવણ ગર્વ ક્ષણમાં ઉતાર્યો, (૨)
દાસ્ય ભક્તિનો મહિમા, જગમાં વિસ્તાર્યો..... જય. ૪

સંજીવનીનો પ્હાડ, આણ્યો ઉપાડી, (૨)
સુરનર ચિંતા ટાળી, લછિમન જીવાડી..... જય. ૫

સુગ્રીવ મંત્રી અજોડ, નૈષ્ઠિક બ્રહ્મચારી, (૨)
ચિંરજીવ નિજ રંગ રાખ વિપદહારી..... જય. ૬

- શ્રીરંગ અવધૂત

વણાખૂટા તા. ઝઘડિયા (જિ. ભરૂચ)નાં શ્રીહનુમાન મંદિરમાં શ્રીહનુમાન જયંતી (સં. ૨૦૨૪)ના દિવસે જ લખેલી આરતી. તે દિવસથી ત્યાં લોકમેળાની શરૂઆત થઈ.

સંદર્ભ : અવધૂતી આનંદ, શ્રીઅવધૂત સાહિત્ય પ્રકાશન ટ્રસ્ટ, નારેશ્વર, સં. ૨૦૫૬, પૃ. ૨૨૨

**શ્રીરંગ સેવા – પુસ્તક : ૪**
પ્રથમ આવૃત્તિ – માર્ચ ૨૦૧૪

**પ્રત** : ૧૦૦૦

**મૂલ્ય** : ₹ ૧૦/-

**સંપાદક** :
સ્નેહલ શાહ
મો. ૯૭૧૨૨ ૦૦૯૧૩

**સહાયક** :
પ્રદ્યુમ્ન પટેલ
મો. ૯૮૨૫૪ ૫૨૬૨૪

**પ્રકાશક** :
શ્રીરંગ હૉસ્પિટલ
મૅડિકૅર
અમદાવાદ-૩૮૦૦૦૬
ફોન : (૦૭૯) ૨૬૫૭ ૫૫૬૬/૭૭

**પત્રવ્યવહાર** :
સ્નેહલ શાહ
૧૩, શાહ કૉલોની, બેસ્ટ હાઈસ્કૂલ સામે
ભૈરવનાથ રોડ, મણિનગર, અમદાવાદ-૩૮૦૦૨૮
ફોન : (૦૭૯) ૨૫૪૩૩૪૭૩
www.rangavadhoot.us, www.abhirang.org

**ટાઈપસેટિંગ** :
ચંદ્રકાંત પટેલ
કાર્યશિલ્પ, આર.ટી.ઓ. પાછળ
સુભાષબ્રિજ, અમદાવાદ-૩૮૦૦૨૭
મો. ૯૭૨૭૨ ૪૪૦૬૨
**E-mail** : ck29de@yahoo.co.in

**મુદ્રણ સંસ્કાર** :
મુદ્રેશ પુરોહિત
સૂર્યા ઓફસેટ
આંબલી ગામ, અમદાવાદ-૩૮૦૦૫૮
ફોન : (૦૨૭૧૭) ૨૩૦૧૧૨
**E-mail** : suryapress@gmail.com

# અનુક્રમણિકા

(૧) ''શ્રી ગુરુચરિત્રકથામૃત''નો પુરસ્કાર
- **પ. પૂ. શ્રીરંગ અવધૂત** .......... ૨-૪

(૨) સમૃદ્ધિ અને સમયનો સદુપયોગ
- **પૂ. શ્રી પ્રેમ અવધૂત** .......... ૫

(૩) દત્તબાવનીની લીલા અને પૂ. શ્રીરંગ અવધૂતની સમાંતર લીલા
- **શ્રી ધનસુખભાઈ પટેલ** .......... ૬

(૪) શ્રી નૃસિંહ સરસ્વતી સ્વામી મહારાજની લીલાનો પૂર્વ સંબંધ
- **વાસુદેવ દત્તાત્રેય નંદુરબારકર** .......... ૭-૯

(૫) ગીતા ગાન (ગીતા ગાન)
- **દ્વારકાદાસ ભટ્ટ** .......... ૧૦-૧૧

(૬) આયુર્વેદ : કેશ-વાળની સંભાળ
- **ડૉ. હરિપ્રિયા પટેલ** .......... ૧૨

(૭) કબીરવાણી
- **સંત કબીર** .......... ૧૩

(૮) શ્રીરંગ સેવા સદનાષ્ટકમ્
- **પ્રા. શિવુભાઈ દવે** .......... ૧૪

(૯) રાણી રાસમણિ - (૧)
- **ડૉ. રમેશ ભટ્ટ** .......... ૧૫-૧૬

**॥ એક શ્લોકી રામાયણ ॥**

**આદૌ રામતપોવનાદિગમનં હત્વા મૃગં કાંચનમ્**
**વૈદેહીહરણં જટાયુમરણં સુગ્રીવ સંભાષમ્ ।**
**વાલીનિગ્રહણં સમુદ્રતરણં લંકાપુરી દાહનમ્**
**પશ્ચાદ્ રાવણકુંભકર્ણ હનનં એતદ્ધિ રામાયણમ્ ॥**

# (૧) શ્રી ગુરુચરિત્રકથામૃતનો પુરસ્કાર

● પ. પૂ. શ્રીરંગ અવધૂત

(**'શ્રીરંગ સેવા'** : પુસ્તિકા બેમાંના લેખના અનુસંધાને આ લેખ છે. ● **સંપાદક**)

એક દુઃખનો છેડો આવતો નથી ત્યાં બીજું મારી સામે આવીને ઊભું છે, એવી એની દયાજનક હાલત થાય છે. એક દુઃખમાંથી છૂટ્યો ન છૂટ્યો ત્યાં બીજું 'દત્ત' કહીને ઊભું રહે છે ! અને એમાંથી છૂટવાનો પ્રયત્ન કરે છે ત્યાં ત્રીજું દુઃખ સામે ઊભું જ છે ! એનું કારણ શું ? **તે દુઃખનું મૂળ છે 'અજ્ઞાન'.** અજ્ઞાનથી ક્ષણભંગુર એવી ચીજોમાંથી અર્થાત્ વિષય વાસનાઓમાંથી પેદા થનારું સુખ શાશ્વત ક્યાંથી હોય ? જ્યાં સુધી એ દુઃખનાં મૂળમાં રહેલું અજ્ઞાન દૂર ન થાય ત્યાં સુધી સુખની આશા ક્યાંથી સફળ થાય ?

આ અજ્ઞાન કેવી રીતે દૂર થાય ? એનો નાશ કેવી રીતે થાય ? અજવાળું ફેલાયા વગર અંધારું દૂર ન થઈ શકે તે જ રીતે જ્ઞાનપ્રાપ્તિ થયા વગર અજ્ઞાન દૂર નહિ થાય. એ ત્રણે કાળેય શક્ય નથી અને માટે–

गुरुमेवाभिगच्छेत् स तद्विज्ञानार्थमत्र हि ।
प्रणिपातेन सेवाभिः प्रीपयेत्तमिति श्रुतिः ॥

સદ્‌ગુરુને શરણે જવું, ભાવનાપૂર્વક તેમની સેવા કરવી, ગુણોની પ્રશંસા ગાવી વગેરે એની મેળે જ આવે છે. સદ્‌ગુરુ સેવાથી થયેલી તપશ્ચર્યા દ્વારા સંચિત પાપસંસ્કારોનો નાશ થાય છે અને ચિત્ત શુદ્ધ થઈ એમની અમોઘ કૃપા, પ્રસન્નતા થાય છે અને એકવાર ગુરુની કૃપા મળે એટલે જ્ઞાનપ્રાપ્તિ માટે કેટલો વખત લાગે ? અને જ્ઞાનપ્રાપ્તિ થઈ એટલે સર્વ દુઃખોનું મૂળ એવું અજ્ઞાન ક્યાં રહેશે ? તેથી દુરિતક્ષય માટે ગુરુભક્તિ સિવાય બીજું કોઈ જ સાધન નથી.

**ન કરે સદ્‌ગુરુ-ભજન । ન થાય ભવવૃક્ષનું છેદન ।**
**ભલે કોટિ કોટિ સાધન । લાવ લઈ જાવ કર્યે ॥૪૭૧॥**

**દૂર કરવા દુરિત । જેમ ગંગાજલ સમર્થ ।**
**તેમ ભવભયને ભસ્મ કરત । જાણો નક્કી ગુરુભક્તિ ॥૪૭૩॥**

**કરવા ભવનું નિર્દલન । ખાસ કરવું ગુરુભજન ।**
**એ જ શ્રેષ્ઠ છે સાધન । સદ્‌ભાગી જાણો ગુરુભક્ત ॥૪૦૮॥**

**(નાથભાગવત્ અ. ૧૨)**

પણ બુવાબાજીના આ પ્રચ્છન્ન ચાર્વાક યુગમાં સદ્‌ગુરુ મળવા સહેલ નથી અને ગમે તેવી પોતાને ગુરુ કહેવડાવનારી વ્યક્તિ માટે ગુરુભાવ જાગ્રત થતો નથી ! તો પછી સેવા કેવી રીતે થાય ? એવી શંકા ધરાવનારાઓ માટે જ ભગવાને દત્તાવતાર ધારણ કર્યો. લોકોના અજ્ઞાનનો નાશ કરી જ્ઞાન પ્રાપ્ત કરી એમને સંસારના સંકટમાંથી ઉગારવા માટે જ આ અવતાર છે. આ વિશિષ્ટતાને લીધે જ તેને ગુરુઅવતાર કહે છે અને માટે જ એ દેવને 'ગુરુદેવ દત્ત' તરીકે સંબોધે છે. બીજા અવતાર અમુક કાર્ય કરવા પૂરતા જ હોઈ કાર્ય પૂરું થતાં સ્વધામ ગયા. પણ અજ્ઞાન દૂર કરવાનું કામ અનંતકાળ સુધી ચાલવાનું હોવાથી આ દત્તાવતારનો અંત શાસ્ત્રોમાં ક્યાંય વર્ણવ્યો નથી. માટે જ (ગુપ્ત કે પ્રગટરૂપે) આ અવિનાશી અવતાર મોહાસુરનો નાશ કરવા માટે, ધર્મસંસ્થાપનનું કાર્ય કરવા માટે એક યા બીજા રૂપે પૃથ્વી ઉપર સતત કાર્યરત રહે છે. શ્રીપાદશ્રીવલ્લભ એ આ રીતના જ દત્તાવતાર છે અને ઉપર કહ્યા મુજબ એમનો અત્યંત સુંદર, અવિનાશી અક્ષર દેહ એટલે જ શ્રીગુરુચરિત્ર ગ્રંથ. એના સેવનથી એટલે કે દૃઢ અભ્યાસથી સ્વાભાવિક રીતે જ ખડતલ તપશ્ચર્યા થાય છે અને માનવીના પાપ સંસ્કાર બળી જઈ ઈષ્ટકાર્ય સિદ્ધ થાય છે.

**'પહેલાં કર્યું, પછી કહ્યું'** આ ન્યાયે એમાં શ્રીગુરુમુખથી વર્ણવાયેલા આચારધર્મ તરફ રુચિ પેદા થઈ એનું પાલન કરવાની વૃત્તિ થાય છે, અને મન શુદ્ધ થાય છે. કાપેલા ઝાડને પલ્લવિત કરવું, વૃદ્ધ વંધ્યાને સંતાન થવાં, વંધ્યા ભેંસને દૂઝવવી, મૂંગા બ્રાહ્મણ પુત્રને વાણી આપવી, શબને જીવતું કરવું આદિ લીલાઓ વાંચીને શ્રીસદ્‌ગુરુનાં કર્તું–અકર્તું–અન્યથાકર્તુમ્ રૂપી કોઈ પણ કાર્ય કરવાનાં શક્તિસામર્થ્ય માલૂમ પડે છે. ભક્તનો વિશુદ્ધભાવ જોઈ એકીસાથે આઠ રૂપ ધારણ કરીને પોતાના ભક્તોના કોડ પૂરા કરવા, ત્રિવિક્રમ ભારતી નામના યતિને બધે જ પોતાનું યતિમય રૂપ બતાવવું આદિ જોઈને શ્રીના યોગૈશ્વર્યની ખાતરી થાય છે; બ્રહ્મરાક્ષસને મુક્તિ આપવી, પિશાચ ત્રાસમાંથી મુક્ત કરવા આદિ દ્વારા અનિષ્ટ ગ્રહોમાંથી મુક્ત કરનારી એમની અચિંત્ય શક્તિની ખાતરી થાય છે; સિંગો (ઝાલર)થી જ તૃપ્ત થઈને ભક્તોની દીનતા, દરિદ્રતા દૂર કરેલી જોઈ દેવનું ભક્તવાત્સલ્ય અને આશુતોષપણું નજર સામે ખડાં થાય છે. ધોબીને રાજ્ય આપવું, વણકરને ઘડીભરમાં એની એ જ જગ્યાએ સેંકડો માઈલ દૂર તથા ખૂબ જ વિકટ એવી શ્રી શૈલપર્વતની યાત્રા કરાવવી, શરણે આવેલા યવનરાજનો અસાધ્ય રોગ કેવળ નજર નાખીને દૂર કરવો, આદિથી **'હમ ભક્તન કે, ભક્ત હમારે'**, એવા હેતુનિરપેક્ષ ભક્તપ્રેમની જાણ થાય છે. અંત્યજને કૃપાકટાક્ષ દ્વારા સાત જન્મ પહેલાંની યાદ આપી એના મોંએ વેદ ભણાવવા, ત્રણ વ્યક્તિઓ માટે જ આવેલી અન્ન સામગ્રીમાંથી આખાય ગામને જમાડવું, આદિ લીલાઓનું વર્ણન સાંભળી શ્રીની યોગસિદ્ધિની તથા અફાટ વરદાનશક્તિનો ખ્યાલ આવે છે અને એમ હૃદયમાં રહેલી શ્રદ્ધાની જ્યોત તેજસ્વી બનીને દેવના અવતારીપણા બદલ અંતઃકરણમાં ચોખ્ખો પ્રકાશ પડે છે અને શંકાશીલ દશાનો નાશ થાય છે.

આ રીતે શ્રીના અક્ષરદેહના નિતાંતસુંદર અંગોપાંગનું અખંડ ધ્યાન દઢ થવાથી એટલે જ વ્રતસ્થ બનીને ચિંતામણિ સમાન આ પાવન ગ્રંથનું અનેકવાર પારાયણ કરવાથી પાઠકોના સૂક્ષ્મ શરીરની સાથે એમનો અંતરાત્મા પણ શ્રીગુરુની સાથે તે દિવ્ય વાતાવરણમાં સંચરવા લાગે છે અને ત્યાંના ઉચ્ચતમ આનંદમાં ડૂબી જઈ તદ્રૂપ, તદાકાર, તન્મય, સચ્ચિદાનંદ સ્વરૂપ સ્વયં બને છે. કોઈ સાંસારિક નવલકથા કે ડીટેક્ટિવ વાત વાંચતી વખતે થોડા સમય માટે વાચકનું મન તલ્લીન થઈને આજુબાજુની પરિસ્થિતિને ભૂલી જાય છે એવો અનુભવ ઘણા ખરાને થયો હશે જ. તો પછી કુદરતી રીતે સુંદર અને સાત્ત્વિક વાતાવરણમાં અથવા ધૂપ–દીપ–ફૂલ–રંગો–લતામંડપ આદિથી સુશોભિત કરેલા દેવમંદિરમાં કે ઘરમાં એકાંત ઓરડીમાં બેસીને કરેલા સેંકડો વરસના વંશપરંપરાગત શુદ્ધ તપશ્ચર્યાના આધ્યાત્મિક આકર્ષણના પ્રવાહથી (by spiritual dynamic force) ભરેલા એવા, દરેક અક્ષરમાં ગૂઢ મંત્રશક્તિથી ભરપૂર એવા ગુરુચરિત્ર જેવા વેદસમાન ગ્રંથનાં શ્રદ્ધાયુક્ત પારાયણ–અનુષ્ઠાન દ્વારા કેવાં દિવ્ય પરિણામ આવતાં હશે એનો ખ્યાલ અનુભવ વગરના નકામી ચર્ચા કરનારા સંશયગ્રસ્તોને ક્યાંથી આવે ? એ દિવ્ય આનંદ, દિવ્ય અનુભવ, દિવ્ય પ્રભાવ, શાંતિ, સંતોષ, તન્મયતા આદિ મધુરતાનો તો 'જન્મ લઈએ એના કુળમાં ત્યારે માલૂમ પડે.'

એવા આ પુણ્યતમ અદ્વિતીય ગ્રંથનું અપૂર્વ સંશોધન કરીને આપે મહારાષ્ટ્રની પ્રજા તથા મરાઠી સાહિત્યને કાયમનું ઋણી બનાવ્યું છે અને તે બદલ આપને જેટલા ધન્યવાદ આપીએ તેટલા ઓછા પડે. તેમાંય આ નવા શ્રી ગુરુચરિત્રકથામૃત ગ્રંથે વધુ ઉમેરો કર્યો છે. પણ ગુરુચરિત્ર પદ્યમય હોવાથી અને વધુ પવિત્ર માનવામાં આવ્યું હોવાથી અને અમુક રીતે જ તેનું વાંચન કરવું એવો કડક આદેશ હોવાથી અલ્પશિક્ષિત અને સ્ત્રી–શૂદ્ર આદિને એ માટે અધિકારી ગણ્યાં ન હોવાથી એ લોકો સુધી પહોંચી શકતું ન હતું. એ ઊણપ આપના આ નવા ગ્રંથથી પુરાઈ છે. આ ગ્રંથ ગદ્યમય અને સહેલી

ભાષામાં લખેલો હોવાથી ગામડાંઓમાં પણ તદ્દન અબુધ અને 'સ્ત્રીઓ, વૈશ્યો તથા શૂદ્રો', એવા લોકો સુધી જઈ પહોંચશે અને એમની ગુરુલીલા ગાવાની ભૂખ મટાડશે.

એમાં મૂળના દરેક અધ્યાયમાંનો સાર તો છે જ પણ એ ઉપરાંત, દરેક અધ્યાયને છેડે આવેલો તાત્પર્યબોધ તો આખાયે જીવન દરમિયાન આપે કરેલા ગુરુગ્રંથના મંથનનું માખણ જ છે એમ કહેવામાં વાંધો નથી. માટે જ તે નામ મુજબ અમૃત છે અને શંકાકુશંકાના મૃત્યુમાંથી અમરત્વ બક્ષે છે. જેમને સાધારણ મરાઠી સમજાય છે એવા ગુજરાત આદિ બીજા પ્રાંતોના બીજી ભાષા બોલનારાઓ માટે પણ એ આશીર્વાદરૂપ સાબિત થશે અને ગુરુચરિત્રનું રહસ્ય સમજી લેવા ઈતરજનોને પણ ઉપયોગી નીવડશે. એનું એક ફૉર્મ અહીં આવ્યું તે વાંચીને ખૂબ જ સંતોષ થયો અને મન આનંદથી નાચવા લાગ્યું. જનતાજનાર્દન એનું ઉત્કૃષ્ટતાથી સ્વાગત કરશે એવો મને પૂરેપૂરો ભરોસો છે. પુસ્તકના પરિશિષ્ટરૂપે અંદર આવેલાં સ્થળોનો નકશો અને ત્યાં જવા માગતા માણસો માટે માર્ગદર્શક નીવડે એવી માહિતી ટૂંકમાં આપવામાં આવે તો એ ચોપડીની ઉપયોગિતા વધશે એમ લાગે છે. કારણ કે કુરુગડ્ડી, શ્રીશૈલ, પીઠાપુર આદિ જેવાં સ્થળોની માહિતી ઘણા સુજ્ઞ લોકોને પણ હોતી નથી. સાદા છાયાચિત્ર કરતાં રેખાચિત્ર (Sketch) વધુ ઉઠાવદાર હોય અને મૂળ વ્યક્તિના ભાવની છાપ એમાં વધુ સ્પષ્ટતાથી ઊપસેલી હોવાથી તે કોઈક વાર વધુ આકર્ષક બને છે. તે જ રીતે આપના આ ગદ્ય કથાનક ગ્રંથનું પણ થયું છે. એમાંના તાત્પર્યબોધને લીધે મૂળ ગુરુચરિત્રમાંનો બોધ અને કથાનકનું રહસ્ય એમાં સ્પષ્ટ અને અસંદિગ્ધ રીતે આપ્યું હોવાથી આ ગ્રંથ અનેક રીતે સામાન્યજનો માટે ઉપયોગી બન્યો છે. છેવટે આવા ગ્રંથના નિર્માણ બદલ આપને ફરી ધન્યવાદ આપી નીચેના શબ્દોથી શ્રીગુરુ ભગવંતનું સ્મરણ કરીને સમાપ્ત કરું છું.

श्वासे श्वासे प्रकुर्वीत दत्तनामानुघोषणम् ।
तोषणं साधुवृंदानां शोषणं भवपाथसाम् ॥
कामकल्पद्रुमो ह्येषः साधुवृंदानुसेवितः ।
दत्तात्रेयो महायोगी कलौ श्रीपादवल्लभः ॥

દરેક શ્વાસે દત્તનામનો ઉચ્ચાર કરવો જોઈએ, જે સાધુવૃંદોને સંતોષે છે અને ભવજલનું શોષણ કરે છે. સાધુવૃંદોથી સેવાયેલું આ કલ્પવૃક્ષ કલિયુગમાં શ્રીપાદવલ્લભરૂપે મહાયોગી દત્તાત્રેય સ્વયં વિલસે છે. (પૂર્ણ)

**● અમર આદેશ, પાંચમી આવૃત્તિ, પૃ. ૧૫૦ થી ૧૫૪**

❒

---

(પેજ નં. ૧૧ પરથી ચાલુ...)

છેલ્લા અઢારમા અધ્યાયમાં સંપૂર્ણ ગીતાનો સારાંશ છે (ઉપસંહાર છે). ભગવાને **''સર્વ ધર્માન્પરિત્યજય''** (૧૮/૬૬) દ્વારા અર્જુનને અને તમામ સાધકોને પાપોથી મુક્ત કરી દેવાનું આશ્વાસન આપીને સમગ્ર ગીતા સાંભળ્યા પછી અર્જુનની સ્થિતિ જાણવા માટે ભગવાન પૂછે છે - ''હે પાર્થ ! તમે એકાગ્રચિત્તે મારા ઉપદેશને સાંભળ્યો ? તમારો મોહ નષ્ટ થયો ? અર્જુન ઉત્સાહપૂર્વક કહે છે - **'નષ્ટો મોહઃ સ્મૃતિર્લબ્ધા ત્વત્પ્રસાદાન્મયાચ્યુત'** હે અચ્યુત ! આપની કૃપાથી મારો મોહ નિવૃત્ત થઈ ગયો છે અને હું આપની આજ્ઞા પ્રમાણે યુદ્ધ કરીશ.

ગીતા એક અદ્‌ભુત સૌંદર્યમય કાવ્ય છે. એ અનુપમ અને અદ્વિતીય છે. 'મહાભારત'ના ભીષ્મપર્વના ૨૫ થી ૪૨ સુધીના અઢાર અધ્યાયોમાં આધ્યાત્મિક મૂલ્યોને વ્યવહારિક જીવનમાં લાવવાના શ્રી વેદવ્યાસજી દ્વારા થયેલા પ્રયાસ દ્વારા હિન્દુ ધર્મમાં એક રચનાત્મક ક્રાન્તિનો પ્રાદુર્ભાવ થયો. કારણ કે **''યા સ્વયં પદ્મનાભસ્ય મુખપદ્‌માદ્ વિનિઃસૃતાઃ''** અર્થાત્ જ્યારે ભગવાનનું મુખ ખુલ્યું ત્યારે ગીતા તેમના હૃદયમાંથી છલકાઈની બહાર નીકળી આવી ! ગીતાજીનું આચમન કરી કૃતાર્થ થઈએ.

॥ ॐ તતસત્ ॥

❒

# (૨) સમૃદ્ધિ અને સમયનો સદુપયોગ

● પૂ. શ્રી પ્રેમ અવધૂત

...પરમ કૃપાળુ પરમાત્માએ આપણને જે ભૌતિક સમૃદ્ધિ આપી છે, એ સમૃદ્ધિ એક જ જગ્યાએ એકઠી ન થઈ જાય એટલા માટે આપણા આર્ષ દ્રષ્ટા ઋષિમુનિઓએ આપણી વૈદિક પરંપરામાં એવી સુંદર પ્રણાલી મૂકી છે કે જેથી **સમૃદ્ધિનું સંતુલન થાય અને એની શુદ્ધિ પણ થાય.**

ભૌતિક સમૃદ્ધિનો ઉપયોગ યજ્ઞયાગાદિ વગેરે જેવાં સત્કાર્યોમાં કરવાથી એ સમૃદ્ધિ ત્યાં બાળકોમાં વહેંચાય છે, વપરાય છે અને એ દ્વારા સમૃદ્ધિનું સંતુલન અને શુદ્ધિકરણ થાય છે. યજ્ઞમાં હોમાતા હુતદ્રવ્યમાંથી રૂપાંતર થઈને વિશ્વોદ્યાનને ઉપયોગી એવા અદૃશ્ય દેવોરૂપી કરણોનું અંતરિક્ષમાં પોષણ થાય છે અને **'યજ્ઞાદ્ ભવતિ પર્જન્યઃ'** તે રીતે સમગ્ર સમાજનું અને સૃષ્ટિનું પણ પોષણ થાય છે.

સમાજને ઉપયોગી એવું કોઈ પણ શુભ કર્મ એ યજ્ઞ જ છે. આ યજ્ઞપ્રણાલીનો આશય એવો શુભ છે કે સમાજવાદ સ્થપાય. યજ્ઞનારાયણની પૂજા એ તો સાધન છે અને તેથી જ આપણે પણ આમ ફક્ત યજ્ઞનારાયણનું પૂજન કરીને સંતોષ માનવો જોઈએ નહિ. આપણો મૂળ હેતુ – સાધ્ય – તો એ છે કે જેની પૂજા કરવા આપણે બેઠાં છીએ, તે સ્વરૂપ આપણે થઈ જવું.

પ્રભુએ આપણને ભૌતિક સંપત્તિ સાથે એક અન્ય, અમૂલ્ય ખજાનો પણ આપ્યો છે. જે તરફ આપણું દુર્લક્ષ છે. આ ઘણી મહત્ત્વની વાતમાં આપણે જે બેધ્યાન છીએ તે છે આપણને આપેલો કીમતી સમય.

દિવસ ઊગે ને ૨૧,૬૦૦ શ્વાસનો સમય ૨૪ કલાકનાં રત્નો આપ્યાં છે. પ્રભુએ આપેલી આ દિવ્ય ભેટ છે. તમે જે સમય વ્યર્થ વાતોમાં વિતાવો છો, તેની એક નોંધ રાખો. નોંધ રાખ્યા બાદ **એ વ્યર્થ સમયમાં પ્રભુને યાદ કરો.** પ્રભુ તમારી પાસે સમય માંગે છે. પ્રભુ કહે છે કે તેણે આપેલા સમયમાંથી તેમના માટે કે તેનાં બાળકો માટે કેટલો સમય તમે આપો છો ? બચેલા સમયમાં શ્વાસે શ્વાસે તમારા ઈષ્ટદેવનું નામ લો.

વ્યર્થ જતા સમયનો સદુપયોગ કરો. તમને જે ગમે તે ઈષ્ટદેવનું નામ લો. ધ્યાન ધરો. રામનું કે દત્તનું જ નામ લ્યો તો જ કલ્યાણ થાય એવું નથી. આપણી પરંપરામાં ઉપાસનાની જેવી સ્વતંત્રતા છે, તેવી સ્વતંત્રતા ક્યાંય નથી ! તમે તમારા ઈષ્ટદેવના નામના જાપ કરો. તમે જ્યાં સમય આપવા માંડશો ત્યાં એ પણ તમને સમય આપશે. આ લાગે છે સામાન્ય વાત, પણ વિચાર માગી લે તેવી છે.

સમય પર ધ્યાન રાખી, વ્યર્થ જતો સમય બચાવી લો. તમારી આત્મોન્નતિ માટે તો એ ખૂબ જરૂરી છે. જો તમે એને સમય આપ્યો હશે તો દુન્યવી દુઃખો વખતે પણ એ આવીને ઊભો રહેશે. જ્યારે ડૉક્ટરો કહેશે કે હવે અમારું કંઈ ચાલે એમ નથી, ત્યારે આ જગતમાં તમારા દીકરા, ધન, બંગલા, વાડી, ગાડી, લાડી, કોઈ તમારી સાથે નહીં હોય. એવે વખતે તમે આપેલા સમયવાળો આવીને ઊભો રહેશે. અનુભવ કરવો હોય તો કરી જોજો. **સમય નથી તેવું કદી ન કહેશો.**

આખી જિંદગી વ્યર્થ વાતો કરવામાં પૂરી થઈ જાય છે. આપણા બંને હાથમાં લાડુ છે – ભુક્તિ અને મુક્તિ – સમય બચાવો. ઑફિસમાં પણ સમય મળે છે – જો ઉપયોગ કરવો હોય તો. જ્યાં અને જ્યારે થોડો સમય મળ્યો કે પહોંચી જાવ તેની પાસ. 'તું રમવા જા' એવું બાળકને કહેવું પડતું નથી. તે તો સમય મળ્યો કે ભાગ્યો જ હોય છે.

પૂજ્ય બાપજીની દૃષ્ટિએ સાચું ઈશ્વરપૂજન એટલે આપણને પરમાત્માએ આપેલી કોઈ પણ શક્તિથી કોઈ પણ જીવની આંતરડી ઠારવી. પરમાત્માના દરબારમાં ભેદ નથી. ગમે તે એક સ્વરૂપમાં સ્થિર થાઓ, બને તેટલો વધુ સમય તમે આપો. પછી જુઓ, તમારા જીવનમાં આમૂલ પરિવર્તન આવી ગયું હશે.

**– સેવા સૌરભ, બીજી આવૃત્તિ, પૃ. ૩૦ (સંકલિત અંશો)**

❒

# (૩) દત્તબાવનીની લીલા અને પૂ.શ્રીની સમાંતર લીલા

**• શ્રી ધનસુખભાઈ પટેલ, વલસાડ**

શ્રી ગુરુલીલામૃતના રચયિતા પૂ.શ્રી રંગ અવધૂત પ્રથમ અધ્યાયના ૧૦૪મા દોહરામાં કહે છે,

**જોયું જે અનુભવદગે, બોલું તે જ પ્રમાણ;**
**રાખો શ્રદ્ધા હૃદયમાં, નવ કરશો અનુમાન.**

આ દોહરાનો Between the line અને Above the line અર્થ કરવાથી શબ્દાર્થથી અધિક અર્થ નીકળી શકે અને તે પણ તર્કબદ્ધ. અહીં તર્કબદ્ધ શબ્દને તર્ક વિતર્ક અર્થમાં ન લેવો. રચયિતાનો સ્વાનુભવ યથાર્થ રચયિતાએ સ્વયં કરેલી લીલા છે એવું પૂ.શ્રી રંગ અવધૂતને દત્તાવતાર માનનાર સહજ રીતે શ્રદ્ધાથી સ્વીકારી લે છે. ભગવાન દત્તે જુદાં જુદાં સ્વરૂપે જે લીલા કરી છે તેના ગુણગાન દત્તબાવનીમાં છે. એવી જ કેટલીક લીલાનું પુનરાવર્તન શ્રીદત્તે ભગવાન રંગ અવધૂતરૂપે કર્યું છે. આને ચમત્કાર તરીકે ન જોતાં ઉન્મની અવસ્થામાં અવધૂતે કંઈક કહ્યું, લોકસંગ્રહાર્થે ભક્તની ભાવનાને આધીન કર્યું અને એમને આધીન પ્રકૃતિ થકી એ થયું. ઘટના ઘટે ત્યારે નિરાશી અવધૂતના મનમાં કોઈ આશા કે કામના ન હોય.

**''પેટ પીડથી તાર્યો વિપ્ર'',**

(બ્રાહ્મણશેઠ ઉગાર્યો ક્ષિપ્ર)

**''કર્મકાંડ''**માં પૂ.શ્રી રંગ અવધૂતે દત્તાવતાર શ્રીનૃસિંહ સરસ્વતી સ્વામી મહારાજની આ લીલા વર્ણવી છે. એક બ્રાહ્મણ પેટની પીડાથી કંટાળી ગોદાવરી-ગૌતમી-ગંગા કિનારે આત્મહત્યા કરવા આવે છે, તે જ વખતે નૃસિંહસ્વામી સ્નાન કરવા જાય છે. બ્રાહ્મણ આત્મહત્યા કરવા નદીમાં પ્રવેશે છે ત્યારે શિષ્યોને આજ્ઞા કરી સ્વામી મહારાજ બ્રાહ્મણને પોતાની પાસે બોલાવી આત્મહત્યા કરવાનું કારણ પૂછે છે. ત્યારે બ્રાહ્મણે અન્ન લેવાથી ઊભરતી અસહ્ય પેટપીડાની વાત કરી. સ્વામી મહારાજે કહ્યું કે તું ચિંતા ન કર. તારો રોગ મૂળમાંથી ગયો માન. પછી સાયંદેવને કહ્યું કે બ્રાહ્મણને તારા ઘેરે લઈ જઈ દૂધપાક, પૂરી, વડાં અને દહીંથરા જમાડ. સાયંદેવ આ સાંભળી ઉચાટ અનુભવે છે કે બ્રાહ્મણને કંઈ થઈ ગયું તો ? એ વિચારી ગુરુમહારાજને પણ સાથે ભિક્ષા માટે આમંત્રિત કરે છે. સાયંદેવના ઘરે ભોજન કર્યા પછી બ્રાહ્મણની પેટપીડા સદા માટે ટળી ગઈ.

આવી જ સમાંતર લીલા પૂ.શ્રી રંગ અવધૂતના જીવનમાં પણ જોવા મળે છે. કરનાળીના નાથાલાલ શાસ્ત્રી પૂ.બાપજીના પરમ ભક્ત હતા. એમના દીકરા પરસનલાલને પેટપીડા થઈ હતી. સારવાર અર્થે બરોડા સયાજી હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા. એક્ષ-રે કાઢતાં પેટમાં મોટી ગાંઠ છે તેને લીધે પીડા થાય છે અને આ ગાંઠ ઑપરેશન દ્વારા કાઢવી પડશે એવું નિદાન ડૉક્ટરે કર્યું. નાથાલાલ શાસ્ત્રી ગભરાયા અને નારેશ્વર આવ્યા અને પૂ.બાપજીને બધી વાત કરી અને આર્તભાવે પ્રાર્થના કરી કહ્યું કે, મને ઑપરેશનની બહુ જ બીક છે. આપ જ કંઈક કરો. પૂ.બાપજીએ મંત્રગર્ભ મૃત્યુંજય સ્તોત્રનાં રોજ અગિયાર પાઠ કરવા કહ્યા. એક પ્યાલામાં પાણી લઈ ડાબા હાથમાં પ્યાલો રાખી જમણો હાથ પ્યાલા પર ઢાંકી પાઠ કરવા અને એ પાણી પરસનલાલને પિવડાવી દેવું. ઑપરેશન કરાવવું હોય તો એક માસ પછી કરાવજો એવું પણ કહ્યું. એક માસ પછી એક્ષ-રે કઢાવતાં જણાયું કે ગાંઠ બિલકુલ ઓગળી ગઈ હતી અને ઑપરેશનની કંઈ જરૂર ન હતી.

**(અનુસંધાન પેજ નં. ૯ પર...)**

# (૪) શ્રી નૃસિંહ સરસ્વતી સ્વામી મહારાજની લીલાનો પૂર્વસંબંધ (ઈ.સ. ૧૩૭૮-૧૪૫૮)

● વાસુદેવ દત્તાત્રેય નંદુરબારકર

**'યવન રાજની ટાળી પીડ, જાત પાતની તને ન ચીડ'** દત્ત બાવનીની આ લીટી અંતર્ગત જે લીલા છે તે શ્રીગુરુચરિત્ર તેમ જ શ્રીગુરુલીલામૃતમાં પણ વર્ણવેલી છે. શ્રીપાદપ્રભુ કુરવપુરમાં સ્થિત હોય છે. તે સમયે રવિદાસ નામનો એક ધોબી શ્રીગુરુનાં નિત્ય દર્શન કરી નતમસ્તક થતો. તે શ્રીગુરુનું પ્રાંગણ વાળી ઝૂડી સ્વચ્છ રાખતો. તે સમયે નજીકનો યવનરાજ તેની રાણી સાથે જળક્રિડા કરવા આવ્યો. રાજાની જળક્રિડા જોઈને તેને (ધોબી) પણ રાજસુખ ભોગવવા ઈચ્છા થઈ. તે જ સમયે શ્રીપાદપ્રભુ તેની નજીકથી પસાર થયા પરંતુ તેનું ચિત્ત રાજ–ઐશ્વર્યમાં મગ્ન હોવાથી તે નમસ્કાર કરવાનું ચૂકી ગયો.

શ્રીપાદપ્રભુએ તેને પૂછ્યું : રવિદાસ ! શું જોતો હતો ? તારે રાજ વૈભવ ભોગવવો છે ? જા, આવતા જન્મે (વૈદુર્યપૂરી) બેદર (હાલમાં બિડર)માં યવનકૂળમાં રાજા થા.

રવિદાસને ક્ષોભ થયો કે નિત્ય નિયમ મુજબ શ્રીગુરુને દંડવત્ કરવાનું ભૂલી ગયો હતો. તેણે દંડવત્ પ્રણામ કર્યા એટલે શ્રીગુરુએ તેને પૂછ્યું : આજ જન્મે રાજા થવું છે કે આવતે જન્મે. રવિદાસે જવાબ આપ્યો કે આ જન્મે તો હું વૃદ્ધ થયો છું આથી આવતા જન્મે રાજસુખ મળે. પરંતુ આપના સાંનિધ્યથી હું વંચિત ના રહું તેવી કૃપા કરો. શ્રીપાદ પ્રભુએ 'તથાસ્તુ' કહ્યું અને જણાવ્યું કે તારા આગામી જન્મમાં હું પણ નૃસિંહ સરસ્વતી તરીકે પુનઃઅવતાર લઈશ અને તને મારાં દર્શન થશે.

કાળે કરીને તે ધોબી કાળધર્મ પામ્યો. તેનો જન્મ બેદર (હાલ – બિડર)માં (બહમની વંશના) અલ્લાઉદ્દીન બીજા તરીકે થયો. પૂર્વપ્રકૃતિ (શ્રીગુરુની રજક તરીકે સેવા કરી ઈત્યાદિ) અનુસાર તે હિંદુઓ પ્રતિ સહિષ્ણુ હતો. આ યવનરાજનો ઐતિહાસિક સમય ૨૭ ફેબ્રુઆરી ઈ.સ. ૧૪૩૫ થી ૧૩ ફેબ્રુઆરી ૧૪૫૮ સુધીનો હતો. આ હકીકત વિદેશી પ્રવાસી ફેરિસ્તાએ પણ તેના પ્રવાસનોંધમાં લખી છે અને તેને થયેલા સ્ફોટક (ફોલ્લા) વિશે પણ ઉલ્લેખ છે.

અલ્લાઉદ્દીન બીજાને સ્ફોટકનો રોગ થયો અને કેમે કરી મટ્યો નહિ ત્યારે તે નૃસિંહ સરસ્વતીનાં દર્શને ગાણગાપુર આવ્યો. ગાણગાપુરની ચારેય બાજુ મુસ્લિમ વહીવટનાં શહેરો હતાં. તેમાં બેદર (હાલમાં બિડર જિલ્લાનું મથક છે) વિજાપુર, ગુલબર્ગા ઈત્યાદિ.

બેદરનો બાદશાહ અલ્લાઉદ્દીન બીજો નૃસિંહ સરસ્વતીનાં દર્શને ગાણગાપુર આવ્યો. તે પૂર્વજન્મનો શ્રીગુરુનો ભક્ત હતો. પરંતુ તેની સાથે ઘણા મુસ્લિમો ગાણગાપુરમાં આવે અને ત્યાંના બ્રાહ્મણોને કનડગત થાય તે નિવારવા શ્રીગુરુ તેને પાપવિનાશી તીર્થ (જે ગુલબર્ગા નજીક આવ્યું છે અને હાલ અપ્રગટ જેવું સામાન્ય – ઉપેક્ષિત સ્થળ છે)માં ફરી મળવાનું કહે છે. રાજાને પગે ચાલવાના બદલે ઘોડા પર બેસવા કહે છે અને શ્રીગુરુ પોતાની દિવ્યશક્તિ દ્વારા રાજા કરતાં પહેલા પાપવિનાશી તીર્થ પર પહોંચે છે.

પાપવિનાશી તીર્થ પર પહોંચીને રાજા પોતાની રાજધાની બેદર (હાલમાં બિડર નામે ઓળખાય છે તે જિલ્લામથક પણ છે અને તેની અંતર્ગત મણિકનગર આવેલું છે.) છે. નૃસિંહ સરસ્વતી અત્યંત કઠોર સંન્યાસ

નિયમો પાળતા પરંતુ પોતાના ભક્ત પ્રત્યે લાગણી ધરાવતા હોઈ એક યવન રાજમહેલમાં અને છેક અંતઃપુર સુધી પણ પ્રવેશ્યા. આ લીલાનાં બે પાસાં હોઈ શકે. એક તો ભક્ત વત્સલનું બિરુદ ધરાવતા હોઈ જેને ભક્ત તરીકે સ્વીકાર્યો તેને અતિ આત્મિય ગણ્યો. બીજું કારણ એ હોઈ શકે કે તે દ્વારા યવન રાજા, તેના અમલદારો હિંદુ પ્રજા પ્રત્યે વધુ સહિષ્ણુ બને. બધા જ ધર્મો પ્રત્યે સમભાવ દર્શાવવાની પ્રક્રિયા નૃસિંહ સરસ્વતી દ્વારા શ્રીદત્ત વિચારધારામાં જોડાઈ તેમ આપણે કહી શકીએ.

સર્વધર્મ પ્રત્યેનો સમભાવ નૃસિંહ સરસ્વતીના જીવનકાળ પછી પણ ચાલુ રહ્યો છે. વિજાપુરનો યવન રાજા યુસુફ અદિલશાહની દીકરી એકાએક આંધળી થઈ. વૈદકીય ઉપચાર પછી પણ તે સાજી ન થઈ. બહુધા બેદરના બાદશાહ દ્વારા તેને સલાહ આપવામાં આવી કે નૃસિંહવાડીમાં શ્રીગુરુની માનતા માનવામાં આવે. તે રાજા તેની દીકરીને લઈ નૃસિંહવાડી આવ્યો, પાદુકા પાસે શરણાગતિ સ્વીકારી અને દીકરીને સારું દેખાય તે માટે પ્રાર્થના કરી. પૂજારીએ વિભૂતિ–તીર્થ આપતાં તે દીકરીને પુનઃ દેખાવાનું ચાલુ થયું. વિજાપુરના યુસુફ અદિલશાહે કૃતજ્ઞભાવથી ઔરવાડ (અમરાપુર – નૃસિંહવાડીના સામા કિનારાનું ગામ જ્યાં ૬૪ યોગિનીનું મંદિર છે) તથા ગૌરવાડ આ બે ગામો મંદિર માટે દાનમાં આપ્યાં.

કાળે કરીને નૃસિંહવાડી આ ગામ ચોતરફની યવન રાજ્ય સત્તાઓ તથા પેશ્વાના વહીવટ અંતર્ગત વારાફરતી રહેતું. (વિજાપુર, બેદર, ગુલબર્ગ, નિઝામ, પેશ્વા) પેશ્વાના વહીવટ અંતર્ગત રહેતા આ બે ગામ કોઈ કારણવશાત્ ખાલસા કરવામાં આવ્યા ત્યારે નૃસિંહવાડીના સંત શ્રીગોપાળસ્વામીએ પેશ્વાઈમાં યોગ્ય રજૂઆત કરી તે ગામો મંદિર માટે પાછા મેળવ્યાં. આ ગોપાળસ્વામીની સમાધિ નારણસ્વામીની સમાધિ બાજુમાં છે (નરસોબા વાડીમાં).

લખનૌના એક મુસ્લિમ સંત (પીર) દર વર્ષે ગાણગાપુર આવતા. સાથે તેઓ અત્તર અને પુષ્પહાર શ્રીદત્તને અર્પણ કરતા. તેમને દૃષ્ટયાંત થયો હોવાથી તેમણે પૂછ્યું : યહાં કોઈ મહાત્મા આતે હૈ કયા ? ત્યાંના પૂજારીઓએ ધર્મશાળામાં સંત નાના મહારાજ તરાણેકર (ઇંદોર) આવ્યા છે તેમ જણાવ્યું. તે પીર નાના મહારાજનાં દર્શન કરવાં ધર્મશાળામાં ગયા અને નાના મહારાજને દૂરથી જોતાં જ બોલ્યા : અરે, યહી તો સાક્ષાત્ દત્ત ભગવાન હૈ. આમ કહી તેમણે અત્તર અને હાર નાના મહારાજને અર્પણ કર્યો. આ સર્વધર્મ સમભાવ માટે નૃસિંહ સરસ્વતીએ બીજ વાવ્યાં હતાં. દત્ત પરંપરાના સંતને માટે દક્ષિણ ભારતના ગાણગાપુરમાં ઉત્તર ભારતના લખનૌથી કોઈ મુસ્લિમ સંત પધારે. કેટલું આશ્ચર્ય !

હૈદરાબાદના નવાબના હકીમને દત્ત ભગવાને દૃષ્ટાંત આપ્યો કે તને જોઈતી ઔષધની માહિતી ગાણગાપુરમાં નાના મહારાજ તરાણેકર આપશે. તે હકીમ ગાણગાપુર આવ્યો અને તરાણેકર મહારાજને મળ્યો. તે હકીમને તરાણેકર મહારાજે જોઈતી રસાયણસંબંધી માહિતી પૂરી પાડી. આમ સંતકક્ષાએ પહોંચ્યા પછી જાત–પાત–ધર્મ ઇત્યાદિ કોઈ પણ બંધનો રહેતા નથી. આજ વિચારધારા શ્રી વાસુદેવાનંદ સરસ્વતી અને પૂ.શ્રી રંગ અવધૂત મહારાજ સુધી ચાલુ રહે છે.

સ્વામી મહારાજે (શ્રીવાસુદેવાનંદ સરસ્વતી) ગરુડેશ્વરમાં પારસીને જીંદના ત્રાસમાંથી છોડાવ્યો. કેટલાક મુસ્લિમોને તેમણે કુરાનના મંત્રો (આયાતો) ઉપદેશ્યા છે. પાથરીના બાલેરાવના ખેતરના ગુપ્ત માલિક દરગાહના પીર વિશે સ્વામી મહારાજે જણાવ્યું કે તે પીરને ગમે તેવી પ્રવૃત્તિ કરવાથી તે પીર ખુશ

થશે અને અનાજ લેવા દેશે. ફકીરોને મનગમતું ભોજન આપી તેમને તૃપ્ત કરો. આમ કરવાથી બાલેરાવ યોગ્ય પાક ખેતરમાંથી લઈ શક્યો. પૂ.શ્રી રંગ અવધૂતના પણ ઘણા મુસ્લિમ ભક્તો હતા જેને આપણે સહુ જાણીએ છીએ (હસન ચાચા, કાયમ કાકા ઇત્યાદિ)

બીજી એક કથા શ્રીપાદ પ્રભુ અને નૃસિંહ સરસ્વતી સાથે સંકળાયેલી છે તે રામચંદ્ર યોગીની. શ્રીપાદ પ્રભુ જ્યારે ગોકર્ણ મહાબળેશ્વર નજીક હતા ત્યારે રામચંદ્ર નજીકના ઋષિકુળમાં વિદ્યાગ્રહણ કરતો હતો. સહપાઠી વિદ્યાર્થીઓ સાથે ગાયો ચરાવવા રામચંદ્ર એક દિવસ જંગલમાં ગયો. રામચંદ્રને સાપે દંશ દીધો. આથી તેના મિત્રો ડરી ગયા અને ગુરુને શો જવાબ આપીશું તેનો વિચાર કરતા ત્યાંથી ઘેર ભાગ્યા. રામચંદ્રને તેમણે નજીકની પર્ણકુટીના ઓટલે મૂક્યો. ત્યાં શ્રીપાદપ્રભુ ધ્યાનસ્થ હતા.

ધ્યાનભંગ થતાં તેમણે સર્પદંશ પીડિત રામચંદ્રને જોયો. તેનું ઝેર અમીદૃષ્ટિ કરી નાબૂદ કર્યું. રામચંદ્ર તેમની સેવા કરવા લાગ્યો. શ્રીપાદ પ્રભુએ ત્યાંથી વિદાય લીધી ત્યારે રામચંદ્રને ખૂબ જ દુઃખ થયું. શ્રીપાદ પ્રભુએ તેને ભવિષ્યમાં નૃસિંહ સરસ્વતી અવતારમાં પુનર્મુલાકાત થશે તેમ આશ્વાસન આપ્યું. રામચંદ્ર યોગી ફરતાં ફરતાં નૃસિંહવાડીમાં તપસ્યા કરતા રહ્યા. ત્યાં જ્યારે નૃસિંહ સરસ્વતી પધાર્યા ત્યારે શ્રીપાદ પ્રભુએ આપેલા વચનની પૂર્તિ થઈ. નૃસિંહ સરસ્વતીની હાજરીમાં રામચંદ્ર યોગીએ જીવંત સમાધિ લીધી. નૃસિંહ સરસ્વતીએ ત્યારે કહેલું કે તમે કરેલી સેવા મને પહોંચશે. સ્વામી મહારાજનો મુકામ નૃસિંહવાડીમાં હતો અને તેમણે ત્રણ રૂપ ધારણ કર્યા હતાં. ત્યારે ત્રીજું સ્વરૂપ રામચંદ્ર યોગીના સમાધિ તરફ ગુપ્ત થયું હતું તેમ શ્રી ગુરુલીલામૃતમાં પણ ઉલ્લેખ છે. **(ક્રમશઃ)**

❐

**(પેજ નં. ૬ પરથી ચાલુ...)**

ઓળી ગામનાં ચીમનલાલ પંડ્યાને જમ્યા પછી પેટમાં શૂળ ઉત્પન્ન થાય અને અસહ્ય પીડા થાય. પૂ.બાપજીના ભક્ત હોઈ પેટપીડા નિવારણ માટે તેઓ પૂ.બાપજીના શરણે ગયા. તે સમયે પૂ.બાપજી લીમડા નીચે બેઠા હતા અને એક પારસીબહેન સાથે વાતચીત કરતા હતા. પારસીબહેન એમના રોગના નિવારણ અંગે પૂછતાં હતાં. પૂ.બાપજીએ એમને ઔષધ બતાવ્યું અને કહ્યું કે ભગવાન દયાળુ છે નામસ્મરણ કરજો. એટલું બોલી પૂ.બાપજી ઊભા થઈ ગુફા તરફ જવા નીકળ્યા. ચીમનલાલ દ્વિધામાં રહ્યા અને પોતાના દર્દની વાત કરી ન શક્યા. પછી એકદમ પૂ.બાપજી પાસે ઝડપથી જઈ પૂ.બાપજી ગુફામાં પ્રવેશે તે પહેલાં પોતાની પેટપીડાની વાત કરી. પૂ.બાપજીએ પુણ્યપ્રકોપ કરતાં કહ્યું કે અત્યાર સુધી મોંમા મગ ઓર્યા હતા ? મારી સામે બેઠો હતો ત્યારે કેમ ન કહ્યું ? એમ કહી ગુફામાં ચાલ્યા ગયા. ચીમનલાલ ખૂબ નિરાશ થઈ ગયા અને પોતાના ભાગ્યને દોષ દેવા લાગ્યા. નિરાશ થઈ ઘરે આવ્યા અને બે ત્રણ દિવસ ઉગ્રતામાં વ્યતીત કર્યા. જ્યારે એમની પત્ની ઉગ્રતાનું કારણ પૂછે છે ત્યારે એમણે પૂ.બાપજીના પુણ્યપ્રકોપની વાત કરી અને ઉમેર્યું કે આપણે અવધૂતની ભક્તિ કરીએ છીએ પણ એ તો આપણી વાત સાંભળવા પણ તૈયાર નથી અને ઉપરથી ક્રોધ કરે છે. ત્યારે એમનાં પત્નીએ આશ્ચર્યચકિત થઈ કહ્યું કે તમે નારેશ્વરથી પરત આવ્યાને બે દિવસ થયા, ત્રણ ચાર વખત જમ્યા પણ પેટમાં દુખાવો થયો નથી. આ એમની કૃપા નથી તો બીજું શું છે ? ત્યારે ચીમનલાલને આશ્ચર્યસહિત આનંદ થયો અને અવધૂતની કૃપાનો ખ્યાલ આવ્યો.

❐

# (५) ॥ गीता गान ॥

● દ્વારકાદાસ ભટ્ટ

(રાગ : દે દી હમેં આઝાદી બિના ખડગ બિના ઢાલ, સાબરમતી કે સંત તૂને...)

**अध्याय**

**(१)** करुणा से उठे मोह का अर्जुन बना शिकार।
तब पार्थने श्रीकृष्ण से गीता का सुना ज्ञान॥
**यदुपति माधव राधेश्याम...**
निजस्वार्थ ने धृतराष्ट्र को गुमराह बनाया
अपनी खुशी के वास्ते महायुद्ध रचाया ।
नफरत को कडी आग का दिल में उठा तुफान
तब पार्थ श्रीकृष्ण से गीता का सुना ज्ञान॥
**यदुपति माधव राधेश्याम...**
कर्णद्रोण भीष्म ने नैकी को भुलाया
तब कृष्णने अर्जुन को है धर्म सिखाया।

**(२)** नित्य और अनित्य का दिया सही प्रमाण
जब पार्थने श्रीकृष्ण से गीता का सुना ज्ञान॥
**यदुपति माधव राधेश्याम...**
अधिकार तेरा कर्म में फल में नहीं तमाम

**(३)** ज्ञानी वही तो है सही जो सर्वदा निष्काम।

**(४)** कर्म और अकर्म का फिर कह दिया विज्ञान
जब पार्थने श्रीकृष्ण से गीता का सुना ज्ञान॥
**यदुपति माधव राधेश्याम...**

**(५)** निष्काम कर्मयोग और संन्यास एक है
कर्ता नहीं जो मानता वही तो योगी है ।

**(६)** वश में हैं जिसकी इन्द्रियाँ वह आत्मा महान
यह पार्थने श्रीकृष्ण से गीता का सुना ज्ञान॥
**यदुपति माधव राधेश्याम...**

**(७)** ज्ञानी तथा निज भक्त के लक्षण कहे तमाम।

**(८)** कारण जो जन्म–मोक्ष का उसका दिया प्रमाण।
में सारे भूतों में व्याप्त हुँ अवकाश के समान
यह पार्थने श्रीकृष्ण से गीता का सुना ज्ञान॥
**यदुपति माधव राधेश्याम...**

**(९)** मम योगमाया से बनी यह प्रकृति महान
माता–पिता पितामह मुजको ही सबका ज्ञान।
अलग नहीं हूँ विश्व से जल तरंग के समान
यह पार्थने श्रीकृष्ण से गीता का सुना ज्ञान॥
**यदुपति माधव राधेश्याम...**

**(१०)** विभूति अपनी से मैं व्यापक हूँ विश्व में ।

**(११)** ब्रह्मांड सारे बसे रहे मुज विश्वरूप में ।

**(१२)** लक्षण बताये भक्त के फिर कृष्णने तमाम
जब पार्थने श्रीकृष्ण से गीता का सुना ज्ञान॥
**यदुपति माधव राधेश्याम...**

**(१३)** प्रकृति–पुरुष–क्षेत्र का उपादान बताया
इससे परे जो भिन्न है भगवान कहाया।

**(१४)** तीनों गुणों से भिन्न जो परब्रह्म है महान
यह पार्थने श्रीकृष्ण से गीता का सुना ज्ञान।
**यदुपति माधव राधेश्याम...**

**(१५)** जडें है जिसकी व्योम में संसार कहाया
बैराग के हथियार से कटता भी बताया ।
अक्षर जो पूर्णरूप है क्षर से कहीं महान
यह पार्थने श्रीकृष्ण से गीता का सुना ज्ञान॥
**यदुपति माधव राधेश्याम...**

**(१६)** आसुरी दैवी भाव का सारांश बताया ।

**(१७)** तीनों गुणों के कार्य का प्रभाव सुनाया ।

**(१८)** इस गोपनीय ज्ञान के दिये सभी प्रमाण
जब पार्थने श्रीकृष्ण से गीता का सुना ज्ञान।
**यदुपति माधव राधेश्याम...**

**ઉપસંહાર :**

सुना क्या तुमने ध्यान से स्वधर्म ज्ञान को
उठाया धनुष पार्थने तैयार लडने को
शिथिलता आये कर्म में अज्ञान से कभी
गीता की बात मानकर बनो महान सभी

श्रीकृष्ण और पार्थ का संवाद है महान
'भारत' में लिखा व्यासने गीता है जिसका नाम
**यदुपति माधव राधेश्याम...**

''શ્રીમદ્ભગવદ્ ગીતા'' અર્થાત્ ભગવાન દ્વારા ગવાઈ છે તેથી 'શ્રીમતા ભગવતા ગીતા'.

ગીતાનો પ્રારંભ થાય છે 'ધૃતરાષ્ટ્ર ઉવાચ'થી. ધૃતરાષ્ટ્ર નામ યથાર્થ છે. તેણે પાંડુના રાજ્યને પકડી (ધૃત) રાખ્યું હતું. તેથી શ્રીવ્યાસજીએ તેનું નામ 'ધૃતરાષ્ટ્ર' સમજી વિચારીને રાખ્યું હતું. દુર્યોધનને રાજ્યના લોભથી પાંડવો તરફ નફરત-દ્વેષ થયો અને એમાંથી 'મહાભારત' થયું. તેમાં ભીષ્મ (જ્ઞાની), દ્રોણ (માની) અને કર્ણ (દાની) જેવા મહાપુરુષો પણ પોતાનું ઋણ ચૂકવવાના ભ્રમમાં ઇમાનદારીને ભૂલી જઈને અધર્મના પક્ષમાં રહ્યા અને કોઈ કલ્પના પણ ન કરી શકે તેવો ધનંજય (ધનુર્ધર અર્જુન) કે જેના સારથિ ભગવાન શ્રીકૃષ્ણ છે, એકાએક મોહગ્રસ્ત થઈને **''રથોપસ્થ ઉપાવિશત્''** શ્રીકૃષ્ણની આગળ આવીને બેસી ગયો અને કહ્યું કે, 'ન યોત્સ્ય ઇતિ ગોવિન્દમ્' ભગવાનને કહ્યું, ''હું યુદ્ધ નહીં કરું.'' કેમ ? તો કહે છે - હું મારા પૂજનીય વડીલ, આચાર્યો, ભાઈઓ અને સંબંધીઓને હણવા ઇચ્છતો નથી.

ત્યારે ભગવાન બીજા અધ્યાયમાં આત્મજ્ઞાન (નિત્ય-અનિત્યના વિવેક) દ્વારા તથા અર્જુનને ક્ષત્રિય ધર્મ દ્વારા કર્તવ્યકર્મનો ઉપદેશ આપ્યો (૨/૧૬ , ૨/૪૭) અને ત્રીજા અધ્યાયમાં (૧૯, ૨૦ અને ૨૨મા શ્લોકમાં) નિષ્કામ કર્મનું મહત્ત્વ સમજાવ્યું અને (ચોથા અધ્યાયમાં શ્લોક ૧૭, ૧૮માં) કર્મ, અકર્મ અને વિકર્મ શું છે, તે સ્પષ્ટ કર્યું.

પાંચમા અધ્યાયમાં અર્જુનનો પ્રશ્ન હતો, 'કર્મસંન્યાસ' અને 'કર્મ' બેમાંથી શ્રેષ્ઠ શું છે ? ભગવાન કહે છે કર્મ-સંન્યાસ એટલે નિષ્કામ કર્મ અને કર્મયોગ (૩-૧૯/૩૦, ૪-૧૫-૪૨) કર્તાભાવને છોડીને કરવાથી બંને કલ્યાણપ્રદ છે.

છઠ્ઠા અધ્યાયમાં (૪, ૧૨, ૧૩, ૧૫, ૨૧ વગેરેમાં) ધ્યાન યોગનો ઉપદેશ આપીને (૭-૧૬ અને ૧૩માં) જ્ઞાની અને ભક્તિોની પ્રશંસા કરી છે. આઠમા અધ્યાયમાં (૧૦, ૧૨, ૧૩, ૧૫, ૧૬, ૨૧માં) નિર્વાણ પ્રાપ્તિની જુદી જુદી સાધનાના (માર્ગો)નું વર્ણન કર્યું છે.

નવમા અધ્યાયમાં પોતાની પ્રકૃતિ દ્વારા સૃષ્ટિનું સર્જન (શ્લોક ૧૦) જગતના માતા-પિતા-પિતામહ અને ધાતા (શ્લોક ૧૭) અને સૃષ્ટિનું અવ્યય બીજ (૧૮) - અવિનાશી કારણ. જણાવીને દસમા અધ્યાયમાં (શ્લોક ૧૯ થી ૩૮ સુધી) પોતાની અનંત વિભૂતિઓનું વર્ણન કર્યા પછી અગિયારમા અધ્યાયમાં (શ્લોક ૫, ૬, ૭)માં ભગવાન અર્જુનને વિશ્વરૂપનાં દિવ્યદર્શન કરાવે છે.

બારમા અધ્યાયમાં (૧૩ થી ૧૯ સુધી) ગીતાચાર્ય ભગવાન ૩૬ લક્ષણો દ્વારા ભક્તનું સંપૂર્ણ શબ્દચિત્ર રજૂ કરતાં જણાવે છે કે આવા મારા પ્રિય ભક્તોને મારી પરાભક્તિ પ્રાપ્ત થશે. તેરમા અધ્યાયમાં (શ્લોક ૨માં) પ્રકૃતિ-પુરુષ (જીવ)નું અને (શ્લોક ૧૩ થી ૩૫) સુધી આત્મા-પરમાત્માનું વર્ણન કર્યું છે.

ચૌદમા અધ્યાયમાં ત્રણે ગુણોનો પ્રભાવ કહીને ભગવાને (શ્લોક ૨૭માં) **'બ્રહ્મણો હિ પ્રતિષ્ઠાહમ્'** અર્થાત્ અમૃત, શાશ્વત ધર્મ અને અખંડ આનંદના આશ્રય પોતાને (બ્રહ્મરૂપ) કહ્યા છે.

પંદરમા અધ્યાયમાં જેવું આદિપુરુષ પરમેશ્વર ઊર્ધ્વમૂળ છે, એવા સંસાર-વૃક્ષનું (શ્લોક-૧માં) અને તેને કાપવાની યુક્તિ (જન્મ-મૃત્યુથી છૂટવાની) (શ્લોક ૩માં) અને ક્ષર-અક્ષરથી પર (સંસાર અને જીવથી પર) હું પુરુષોત્તમ છું (શ્લોક ૧૮) કહીને પોતાનો પરિચય આપ્યો છે.

સોળમા અધ્યાયમાં દૈવી-આસુરી ભાવનો ૧ થી ૩ અને ૪ શ્લોકમાં સારાંશ છે. ૧૭મા અધ્યાયમાં (શ્લોક ૪માં) ત્રણે ગુણોવાળા સાધકોની ઉપાસનાનો નિર્દેશ કરીને આવા (ત્રણે ગુણોવાળા) સાધકોનાં કાર્ય, રુચિ, ભોજન અને યજ્ઞ પર પડનારા પ્રભાવનું સ્પષ્ટ ચિત્ર દર્શાવ્યું છે.

**(અનુસંધાન પેજ નં. ૪ પર...)**

# (૬) આયુર્વેદ : કેશ-વાળની સંભાળ

● ડૉ. હરિપ્રિયા પટેલ

**''खल्वाटो निर्धनो क्वचित्''**

એટલે કે ટાલવાળો માણસ ભાગ્યે જ ગરીબ હોય છે છતાંય વાળ માટેની મનુષ્યની ઘેલછા હજી પણ બરકરાર છે.

પ્રદૂષણ, જંકફૂડ અને ટેન્શનવાળી જીવનશૈલીમાં ખરતા વાળ એ સામાન્ય સમસ્યા છે અને એને વધારવામાં ફેશન અને કોસ્મેટીકના દુરુપયોગનો પણ સિંહફાળો છે. તેથી નાની ઉંમરમાં વાળનું વધુ પ્રમાણમાં ખરવું, અકાળે વાળ સફેદ થવા અને ખોડો થવો એ મુખ્યત્વે જોવા મળતી તકલીફો છે. સ્ત્રીઓ માટે તો વાળ એ સૌંદર્યનો અભિન્ન હિસ્સો છે પરંતુ તેમ છતાંય આજે લાંબા, ઘાટા કાળા વાળ એ સ્ત્રીઓ માટે પણ સ્વપ્ન સમાન થઈ ગયા છે. ટી.વી. અને સમાચારપત્રોમાં વાળને વિષયક આવતી જાહેરખબરો જ એ વાતનું પ્રમાણ છે કે આજના સમયમાં આ સમસ્યા કેટલી વિકરાળ થઈ ચૂકી છે. ખરતા વાળ કે ખોડો એ કેટલા સમયથી, કેટલા પ્રમાણમાં છે તેના પર તેની ચિકિત્સાનો આધાર છે. જે બાહ્ય તથા આંતરિક એમ બંને પ્રકારના ઉપચાર તેની અવસ્થા પ્રમાણે માગી લે છે. આંતરિક ઉપચાર તો વૈદ્યની દેખરેખ હેઠળ થવો જોઈએ પરંતુ કેટલાક બાહ્ય ઉપચાર સરળતાથી અપનાવી શકાય એમ હોય છે. તેથી તેના પર થોડોક પ્રકાશ આજે અહીં પાડીશું કે જેનો નિયમિત પ્રયોગ ચોક્કસ લાભ કરશે.

❖ **ખરતા વાળ માટેના બાહ્ય ઉપચાર**

→ અડદની દાળને ઉકાળીને વાટી લો. તેનો રાત્રી સમયે ટાલ પર કે ઓછા વાળ હોય ત્યાં લેપ કરવો. ૨૦–૩૦ મિનિટ પછી ધોઈ નાંખવું.

→ લીલી કોથમીરનાં પાન ૭૦ ટકા તથા લીમડાનાં પાન ૩૦ ટકા મિક્સ કરી તેનો લેપ કરવાથી વાળ ખરતા બંધ થાય છે તથા નવા વાળ આવે છે.

→ દાડમનાં પાનને પાણીમાં વાટીને તેનો માથા પર લેપ કરવાથી પણ ફાયદો થાય છે.

→ આમળાં, ભૃંગરાજ, જેઠીમધનું ચૂર્ણ સમાન ભાગે લઈ તેમાં એલોવેરાનો ગર અને મોળું દહી નાંખી તેનો લેપ કરવાથી પણ વાળ ખરતા અટકે છે.

❖ **ખોડો માટે બાહ્ય ઉપચાર :**

→ ખોડાની ફરિયાદ હોય તો ખસ–ખસને દૂધમાં વાટીને લેપ કરવાથી ખોડો દૂર થાય છે.

→ દહીમાં કાળા મરીનું ચૂર્ણ મેળવીને તેનાથી વાળ ધોવાથી ખોડાની સમસ્યા દૂર થાય છે.

→ કોપરેલમાં કપૂર ભેળવીને તે તેલની માલિશ કરવાથી ખોડો દૂર થાય છે.

❖ **વાળમાં ચમક માટેના ઉપાય :**

→ દહીમાં બેસન ભેળવીને વાળમાં લગાવી અડધો કલાક પછી વાળ ધોઈ નાંખો.

→ કાળી માટી પણ વાળ માટે સારી ગણાય છે. તેને પાણીમાં ભેળવી પેસ્ટ બનાવીને વાળમાં લગાડવાથી પણ વાળ ચમકદાર બને છે.

આ બધા સિવાય વધુ પડતું તીખું–તળેલું, ગરમ મસાલાયુક્ત, આથેલું ભોજન ન કરવું. બહાર નીકળો ત્યારે માથા પર કંઈક વીંટાળી રાખવું. ગાજર, બીટ, ટામેટાં, ગોળ, અંજીર, ખજૂર, લીલાં શાકભાજી અને સિઝનનાં ફળોનો પૂરતો ઉપયોગ કરવો. બસ, આટલું પ્રાથમિક છે અને આ બધાં પછી પણ સમસ્યાનો ઉકેલ ન આવે તો યોગ્ય નિષ્ણાતનો સંપર્ક કરવો. ❒

# (૭) કબીર વાણી

**• સંત કબીર**

(૧)

**પત્થર પૂજે હરિ મિલે, તો મૈં પૂજૂં ગિરિરાય;**
**ઈસસે તો ચક્કી ભલી, પિસ ખાય સંસાર**

પથ્થરને પૂજવાથી જો હરિ મળતા હોય તો હું આખો પહાડ જ પૂજી કાઢું. એના કરતાં તો ઘંટીની પૂજા કરું તો સારું કે એ ઘંટી આટો પીસવા જેટલું કામ તો કરશે.

(૨)

**દેહી નિરંતર દેહરા, તામેં પરતછ દેવ;**
**રામ નામ સુમરન કરો, કહા પત્થર કી સેવ ?**

આ દેહ જ દેરું છે. એમાં જ પ્રત્યક્ષ દેવ (આત્મા) બેઠેલો છે. માટે રામ નામનું સ્મરણ કરો, પથ્થર સેવવાની–પૂજવાની કોઈ જરૂર નથી.

(૩)

**કુબુધી કો સૂઝે નહિ, ઉઠ ઉઠ દેવલ જાય.**
**દિલ દેહરા કી ખબર નહિ, પત્થર કે કહાં પાય ?**

કુબુદ્ધિને અક્કલ ન હોવાથી ઊઠી ઊઠીને દેવળમાં જાય છે. દિલરૂપી દહેરામાંના દેવની ખબર નથી. પથ્થર પૂજવાથી શું મળવાનું છે ?

(૪)

**સુધ્ધી બિન સુમરન નહિ, ભાવ બિન ભજન ન હોય !**
**પારસ બિચ પરદા રહા, કયાં લોહ કંચન ન હોય ?**

મનની શુદ્ધિ વિનાનું સ્મરણ નકામું છે. ભાવ વગરનું ભજન નકામું છે. પારસ અને લોઢા વચ્ચે પડદો હોય તો તે સોનું કેવી રીતે બની શકે ?

(૫)

**સુમરન સિદ્ધિ યોં કરો, જ્યોં ગાગર પનિહાર**
**હાલે ચાલે સુરત મેં, કહે કબીર બિચાર**

માથા ઉપર પાણીની ગાગર હોવા છતાં પનિહારી હાલે–ચાલે છે પણ એનું ધ્યાન માથા ઉપરના બેડામાં હોય છે એ પ્રકારે સંસારનાં કામ કરવાં છતાં હરિસ્મરણની સુરતા લગાવી રાખો.

(૬)

**માલા તો કરમેં ફિરે, જીભ ફિરે મુખમાંહિ,**
**મનુવા તો ચૌદિસ ફિરે, ઐસો સુમરન નાહિ.**

હાથમાં માળા ફરે, મુખમાં જીભ ફરે અને મન ચારેતરફ ભટકે તો એવી જાતના પ્રભુસ્મરણનો કોઈ અર્થ નથી.

(૭)

**બૂંદ સમાના સમુદ્ર મેં, જાનત હૈ સબ કોય,**
**સમુદ્ર સમાના બૂંદ મેં, જાને બિરલા કોય !**

સમુદ્રમાં પાણીનું એક બિંદુ–ટીપું સમાઈ જાય છે એ વાત સૌ કોઈ જાણે છે. પરંતુ એક બિંદુમાં આખો સમુદ્ર સમાઈ જાય એ તો કોઈ વિરલા જ જાણે છે. પવિત્ર હૃદયાવકાશમાં આખા વિશ્વનું પ્રતિબિંબ પડે છે – એ યોગીજનો જ સમજી શકે છે.

(૮)

**કેશોં કહા બિગાડિયા, જે મૂડેં સો બાર ?**
**મનકો કાહે ન મૂંડિએ, જામેં વિષય વિકાર ?**

માથાના વાળે તમારું શું બગાડ્યું છે કે એને વારંવાર મૂંડ્યા કરો છો ? મૂંડવું હોય તો મનને મૂંડો કે જેમાં વિષયવિકાર ભરેલા છે.

(૯)

**મન કા મસ્તક મૂંડ લે, કામ ક્રોધ કા કેશ,**
**જો પાંચો કો વશ કરે, તો ચેલા સબ દેશ.**

મનરૂપી મસ્તક ઉપરથી કામ–ક્રોધરૂપી કેશને મૂંડીને દૂર કર. પાંચે ઈન્દ્રિયોને વશ કરીશ તો દુનિયાના જીવો તારા ચેલા બનશે મતલબ કે ચેલા બનાવવા ખાસ દોડ કરવી નહીં પડે.

(૧૦)

**માલા તો મનકી ભલી ઔર સંસારી ભેખ,**
**માલા પહિરે હરિ મિલે તો અરહટ કે ગલિદેખ.**

માળા તો મનની જ સારી, બાકી તો સંસારીની પાઘડી, કોટ વગેરેની જેમ એ પણ વેશભૂષા જ છે. માળા પહેરવાથી હરિ મળતા હોય તો અરહટ (રેંટ) સદાય ગળામાં માળા પહેરી રાખે છે.

(૧૧)

**મન મેલા તન ઉજલા, બગલા કપટી અંગ,**
**તાતે તો કઉવા ભલા, તન મન એક હી રંગ**

શરીર ઊજળું, સાધુતાના દેખાવ કરનારું હોય પણ મન મલિન હોય તો એ તો કપટી બગલા જેવા છે. એમના કરતાં તો કાગડા સારા કે જેઓ મનના મેલા છે તો બહારથી શરીરે પણ કાળા છે.

(૧૨)

**ગુરુ લોભી શિખ લાલચી, દોનો ખેલે દાવ,**
**દોનો ડૂબે બાપડે, બેઠ પત્થર કી નાવ.**

લોભી ગુરુ અને શિષ્ય લાલચુ હોય ત્યાં બિચારા બંને પથ્થરની નાવમાં બેઠેલાની જેમ ડૂબે છે.

**• સંત કબીર આધ્યાત્મિક પદો,**
**પ્રથમ આવૃત્તિમાંથી સાભાર**

❐

# (૮) શ્રીરંગ સેવા સદનાષ્ટકમ્

**• પ્રા. શિવુભાઈ દવે**

(ગતાંકથી ચાલુ...)

**પ્રસન્નચિત્તઃ અત્રિમુનેઃ તપોભિઃ**
**દત્તઃ અભવત્ ચ પ્રદાય તસ્મૈ ।**
**પુત્રઃ અભવત્ યઃ ચ સતીપ્રભાવાત્**
**ઐત્યાં અત્રિજઃ વા વરદઃ પુનઃ સ્યાત્ ॥ ૩ ॥**

**હે દત્તપ્રભુ !**

અત્રિમુનિના તપથી આપ પ્રસન્ન થયા અને આપે આપનું આત્મતત્ત્વ જ અત્રિજીને દઈ દીધું ! એટલે તો આપ 'દત્ત' તરીકે ઓળખાઓ છોને ?! મા સતી અનસૂયાનો પવિત્ર ભાવ ઓળખીને જ આપે અનસૂયાનંદન આત્રેયનું અભિધાન સ્વીકાર્યું છે એ નિશ્ચિત છે. હે વરદાયી પ્રભુ ! આપ સેવાસદનમાં નિવાસ કરો અને અનુગ્રહનું વરદાન આપો.

**સત્યાતિથ્યાત્ ભવતિ મનુજઃ શ્રીપદઃ અજઃ અત્રિજઃ યઃ**
**યસ્ય આશિર્ભિ ભવતિ રજકઃ ભૂર્પાતઃ ધાર્મિકઃ ચ ।**
**યત્ શ્રદ્ધાતઃ ભવતિ ચ ધની જીવિતઃ જીવહીનઃ**
**પૂતં કુર્યાત્ સ્વપદરજસા સદ્મ તં પ્રાર્થયે ૐ ॥ ૪ ॥**

હે અજન્મા દત્તપ્રભુ ! હે આત્રેય !

આપ સતીના આતિથ્યથી પ્રસન્ન થયા અને શ્રીપાદ રૂપે માનવદેહ ધારણ કર્યો !

આપની આશિષથી જ એક અદનો ધોબી કેવો રાજા બની ગયો !

એક બ્રાહ્મણ શેઠ ચોરના પ્રહારથી મૃત્યુ પામ્યો, પણ આપની કૃપાથી જ તે કેવો પુનઃજીવિત થઈ ગયો ! કર્તુમ્ અકર્તુમ અન્યથા કર્તુમ્ સર્વ કર્તા સમર્થ આપ છો !

હે શ્રીપાદ શ્રીવલ્લભ પ્રભુ !

આપ 'શ્રીરંગ સેવા સદન'માં નિવાસ કરો અને આપની ચરણરજથી અમને પાવન કરો.

'ૐ'ના નાદથી, પ્રભુ ! આપને આહ્વાન–પ્રાર્થના કરું છું. ❐

# (૯) રાણી રાસમણિ

● ડૉ. રમેશ ભટ્ટ

[ભારતનાં અનેક નારીરત્નો પૈકી સમયાંતરે કોઇ એક નારીવિદુષીની વિગતો પ્રકાશિત કરવાની ભાવના છે. તેનો આ પ્રારંભ છે. શ્રીરામકૃષ્ણ પરમહંસ જે કાલિકામંદિરમાં શરૂમાં પૂજારી તરીકે હતા તે ભવ્ય મંદિર રાણી રાસમણિ દ્વારા નિર્માણ થયું હતું. ● **સંપાદક**]

રાસમણિનો જન્મ કોઈ રાજકુટુંબમાં નહીં પણ હુગલી નદીના કિનારે રહેતા એક મજૂર હરેકૃષ્ણને ત્યાં થયો હતો. તેની પત્ની રામપ્રિયાએ આ દીકરીનો ઊજળો વાન, મોટી મોટી આંખો અને કાળા ભમ્મર વાળ જોઈને કહ્યું કે કોઈક રાણી જ એના પેટે અવતરી છે. આમ, નાનપણથી જ એનું નામ રાણી પડી ગયું.

રાણીને નાનપણથી રામાયણ–મહાભારત ખૂબ ગમતાં. ઘરનું કામ કરી રોજ ઘાટ ઉપરના મંદિરમાં એ જતી, ત્યાં કથા–પુરાણ તલ્લીનતાથી સાંભળતી. દિવસમાં બે વાર નદીસ્નાન કરી કાલી માતાનાં દર્શન શ્રદ્ધાથી એ કરતી. નાનપણથી એ કહેતી કે એને એવો વર મળે કે જે કાલી માતાનું મંદિર બાંધવા માટે એને જોઈએ એટલા પૈસા આપે.

કલકત્તાના એક ધનાઢ્ય વેપારી પ્રીતિચંદ્રે પોતાના દીકરા રાજચંદ્ર માટે રાસમણિની પસંદગી કરી અને ખૂબ ધામધૂમથી લગ્ન બાદ એ કલકત્તા પહોંચી ગઈ. પ્રીતિચંદ્રે આ નવદંપતી માટે દીવાનખાનું, દેવઘર, રસોડું વગેરે સાત વિભાગોમાં ત્રણસો ઓરડાનું નવું મકાન બનાવ્યું. રાસમણિ હવે રાણી જેવું ઐશ્વર્ય પામતાં સાચા અર્થમાં રાણી રાસમણિ બની ગઈ.

આ ઐશ્વર્યથી રાણીના જીવનમાં વિશેષ સાદાઈ અને પવિત્રતા વધતાં ગયાં. વહેલી સવારે ગંગાસ્નાન કરી ફૂલો ચૂંટી લાવી જપજાપ–પૂજા અર્ચના કરતી. માથા–મોઢા ઉપર સાડીનો છેડો રાખી સાસુ–સસરા તથા પતિને પગે લાગતી.

પ્રીતિચંદ્ર ધીરે ધીરે પોતાના વેપારનો ભાર પુત્ર રાજચંદ્રને સોંપતા જતા હતા. રાણી રાસમણિ પણ પતિના કારભારમાં ધીરે ધીરે સાથ કરવા લાગી.

એક દિવસ રાસમણિએ પતિને કહ્યું કે ગંગાસ્નાન કરવા જવાનો જે રસ્તો છે તેને દુરસ્ત કરાવવા કંઈક રકમ મંજૂર કરો તો મારી પાલખી ઊંચકનાર ભોઈઓના પગને રાહત થાય. રાજચંદ્ર રાજી થયો અને રસ્તો દુરસ્ત કરાવી દીધો. ભોઈઓએ ખરા મનથી રાણીને આશીર્વાદ આપ્યા.

પિતાના દેહાંત બાદ રાજચંદ્રએ વેપાર–ધંધો કુશળતાથી સંભાળી લીધો હતો. ત્યારે એક દિવસ માત્ર નામનો તાવ આવ્યો અને એ આ લોક છોડી ગયા. અફાટ સંપત્તિની માલિક બનેલી રાણીનો ખરો વૈભવ અકાળે ઝૂંટવાઈ ગયો. મરતી વખતે પતિએ પત્નીને ખાસ કહેલું કે મારી પાછળ તું સતી ન થતી. આપણા વેપાર–ધંધા ઉપર અંગ્રેજો ટાંપીને બેઠા છે. તું ગરીબ ગુરબાંની મા બનજે. રાસમણિએ વૈધવ્યનું દુઃખ મૂંગા રહી સહન કર્યું અને વેપારની જવાબદારી વધારે કાર્યદક્ષતાથી સંભાળી લીધી.

કાલી માતા, સર્વ બંગાળીઓની આરાધ્ય દેવી. દુર્ગાષ્ટમીનો ઉત્સવ ધામધૂમથી ઊજવતાં ચાંદીના રથમાં વાજતેગાજતે યાત્રા કાઢી. ઢોલ, નગારાં, ડફ, મૃદંગ વગેરે વાદ્યોએ ત્રણસો ઓરડાવાળા બંગલાને ગજવી દીધો. નજીકમાં રહેતા ગોરા અધિકારીએ પોલીસ દ્વારા વાજાં બંધ કરવાનો હુકમ અપાવ્યો. રાણીને આ વિક્ષેપ પસંદ ન પડ્યો. બીજે દિવસે વાજિંત્રોની સંખ્યા બેવડી કરવા દીવાનજીને જણાવ્યું. ગોરા સાહેબના ઘર આગળથી એ રથયાત્રા વાજતે ગાજતે નીકળી. એ ગોરા અમલદાર કાનમાં આંગળીઓ ખોસી ગુસ્સામાં બોલતો રહ્યો.

એ ગોરાએ ચારપાંચ સાથીદારોને લઈને રાણીએ જે રસ્તો તૈયાર કરાવ્યો હતો તે રસ્તે જઈ મંદિરો પાસે

પારેવાંનો શિકાર કરવા લાગ્યો. પણ એક દિવસે એ રસ્તે જતાં વચ્ચે ઊંચી ભીંત ચણાઈ ગયેલી જોઈ. ગોરાએ કોર્ટમાં ફરિયાદ કરી. રાણીએ ન્યાયાધીશને કહ્યું કે આ રસ્તો મેં મારા ખર્ચે બંધાવ્યો હતો. એના ઉપર મારો જ સંપૂર્ણ અધિકાર છે. એના હિસાબો કોર્ટમાં રજૂ કરાયાં. રાણીની જીત થઈ. આખા કલકત્તામાં એનું નામ ગૂંજતું થયું.

રાસમણિની કાર્યદક્ષતા ઉપરાંત એની કરુણાના કારણે ગરીબગુરબાં, દીનદુઃખિયાં એની પાસે પહોંચી જતાં. અનાજ, કપડાં અને જોઈએ તો પૈસા પણ એ આપતી. એક સવારે થોડાક કોળી લોકોએ આવી રજૂઆત કરી કે રોજ સવારે હોડકાં લઈ સમુદ્રમાં જઈ અમે માછલાં પકડી લાવી રોટલો—મીઠું ખાઈ ગુજરાન ચલાવીએ છીએ. પણ હવે હોડકા દીઠ બે રૂપિયાનો કર ગોરી સરકારે નાંખ્યો છે. બે રૂપિયા આપીએ તો જ સમુદ્રમાં જવા દે છે. કર ન આપીએ તો બંદૂકની ગોળી બતાવે છે. રાણીએ આઠેક દિવસમાં કંઈક બંદોબસ્ત કરશે એમ આશ્વાસન આપી બધાને વિદાય કર્યા.

બીજે દિવસે રાણી કમિશનર પાસે પહોંચી ગઈ અને રજૂઆત કરી કે ધુસુરી – મોતિઆબુર્ઝ આગળનો પ્રદેશ લાંબી મુદત માટે મારે ભાડે રાખવો છે. કમિશનરને લાગ્યું કે કંપની સરકારને રાણી પાસેથી ભાડાના પૈસા મળશે એટલે કમિશનરના કહેવા પ્રમાણે એક વર્ષના દસ હજાર રૂપિયા ભાડાના ભરી દીધા અને ગંગાના એટલા પ્રવાહની માલિકી મેળવી લીધી. ગંગાના એટલા પ્રવાહમાં નોકરો દ્વારા મોટા મોટા પ્રતિબંધ ઊભા કરી દીધા.

ગોરાની બોટોનો જવા આવવાનો આ જ રસ્તો હતો. પ્રવાહમાં પડેલા મોટા મોટા પથરા તથા ઝાડના થડને લીધે બોટને અડચણ પડવા માંડી. એટલે રાણી સામે ફરિયાદ કરવામાં આવી. રાણી આ તકની જ રાહ જોતી હતી. નિર્ભયપણે કોર્ટમાં હાજર થઈને એ પ્રદેશ પોતે ભાડે રાખ્યાની રજૂઆત આધારો સાથે કરી. ઉપરાંત કોળીઓ માછલી પકડવાનું કામ કરતા હોય ત્યારે કંપનીની બોટો મોટો અવાજ કરી આમતેમ ઘૂમે છે જેથી માછલીઓ જાળમાં આવતી નથી. કોળીઓ ઉપરનો કંપની સરકારનો કર રદ કરવો પડ્યો. કોળીઓ નિરાંતે માછલીઓ પકડવા જતા થયા પછી જ પ્રવાહમાં ઊભી કરાયેલી અડચણો રાણીએ દૂર કરાવી. રાણીની બુદ્ધિમત્તા ગોરા અધિકારીઓ પણ હવે સ્વીકારતા થયા હતા. છતાં ક્યાંક ક્યાંક અલ્લડ ગોરાઓ થોડીક દાંડાઈ કરવાના પ્રયત્ન કરતા હતા.


એક દિવસ શાળાના પાંચછ શિક્ષકોએ આવી રાણીને રજૂઆત કરી કે ત્રીસપાંત્રીસ ગોરાઓએ શાળામાં ધામા નાખ્યા છે. દિવસ—રાત દારૂ પીને ધાંધલ મચાવે છે. શાળાનું કામકાજ બંધ થઈ ગયું છે. રાણીએ પોતાના વિશ્વાસુ નોકરને બોલાવી બીજા બે ચાર સાથીદારો સાથે નિશાળમાં જઈ ગોરાઓને પાઠ ભણાવવા આજ્ઞા કરી. નોકરોએ એ કામ સારી રીતે પાર પાડ્યું. ગામમાં બધે રાણીની બોલબાલા થઈ ગઈ. ગોરા સિપાહીઓને નોકરોએ ઠીક ઠીક ઠમઠોર્યા હતા.

બીજે દિવસ સવાર થતાં તો રાણીના ઘર ઉપર પેટાવેલા કાકડા, પથરા, બાટલીઓ વગેરેનો જાણે વરસાદ શરૂ થઈ ગયો. આખા બંગલામાં ધાંધલ શોરબકોર મચ્યો. રાણીને જાણવા મળ્યું કે આગલે દિવસે જેઓને પાઠ ભણાવ્યા હતા તે મોટા સમૂહમાં બદલો લેવા આવ્યા હતા. સેવકોને બૈરાંછોકરાં સાથે પાછલે બારણેથી અન્ય સુરક્ષિત સ્થળે પહોંચી જવાની રાણીએ સલાહ આપી.

જે ઓરડામાં પોતાનાં હથિયારો મૂક્યાં હતાં ત્યાં જઈ એક સરસ તેજદાર તલવાર હાથમાં લઈ રણચંડીની ઉગ્રતા ધારણ કરી રાણી પોતાના બંગલાના મુખ્ય દરવાજા આગળ જઈ તલવાર ઉગામી ઊભી રહી. રાણીનું રૌદ્ર સ્વરૂપ જોઈ ગોરા સિપાહીઓના હાથ હેઠા પડ્યા. એટલામાં કેટલાક ગોરા ઉપરી અધિકારીએ આવી, સિપાહીઓની ગેરવર્તણૂક માટે દિલગીરી દર્શાવી રાણીની માફી માગી બધા વિદાય થયા. **(● અપૂર્ણ)**

**રાણી રાસમણિ, ત્રીજી આવૃત્તિમાંથી**
**સાભાર સંકલન**

❒



શ્રીરંગ અવધૂત મહારાજશ્રી વિરચિત

# મન્ત્રગર્ભોહનુમત્સ્તવઃ

ૐ કારતત્ત્વદેહસ્ત્વં જૂં બીજજપતોષિતઃ ।।
સઃ શંકરઃ પ્રવાતાત્મા નમસ્તે મારુતેડનઘ ।।૧।।
નમસ્તે રુદ્રરૂપાય રામદૂતાય તે નમઃ ।।

મોહાપ્ત દૈત્યનાશાય મનોવેગાય ભાસ્વતે ।।૨।।
ભક્તત્રણૈક દીક્ષાય લક્ષ્મણ પ્રાણદાયિને ।।

ગવેષણૈક વીરાય છિન્નદ્વૈધાય યામિને ।।૩।।
વનગહ્વર વાસાય મનઃ સંતાપહારિણે ।।

તેજોજિત વરેણ્યાય નક્તંચર વિદારિણે ।।૪।।
આંજનાય કપીડયાય જાનકીજાનિ માનિને ।।

અનુસંધાન ટાઈટલ પેજ ૪ ઉપર

અનુસંધાન ટાઈટલ પેજ ૩ ઉપરથી

જલધ્યુત્પાતધીરાય નભોમાર્ગ વિહારિણે ।।૫।।
નેત્રોત્સવાય વીરાણાં કીનાશપતિમન્ત્રિણે ।।

યામ્યાભિમુખ વક્ત્રાય જયિને જાપકારિણે ।।૬।।
યક્ષાગ્રહમુચે શાય યમપાશનિકર્તિને ।।

મદોદ્ધતાક્ષ કાલાય બોધિતાત્મસ્વરૂપિણે ।।૭।।
હાટક શ્રુતિભૂષાય લોકાધિપસ્તુતાય ચ ।।

બલભીમાય બીજ્યાય હસ્તાન્દોલિત સુસ્નવે ।।૮।।
લાંગૂલદગ્ધલંકાય નુતિ તુષ્ટાય નર્મિણે ।।

યતેન્દ્રિયાય વશ્યાય મારણમારકાય ચ ।।૯।।
સ્વામિભક્તાય શાન્તાય નખદન્તાયુધાય ચ ।।

હાર્દાકૃષ્ટ હરીન્દ્રાય કીશકીર્તિત કીર્તયે ।।૧૦।।
પાપોઘ પ્રોંછનાયારં મોક્ષૈકશ્રીંદુકોટયે ।।

નત્વા શઠઃ સમાપ્નોતિ સાધુત્વં યં નમોઽસ્તુતે ।।૧૧।।
રઞ્જ હૃતુષ્ટ ભીમેન સ્વયં હૃદ્વાસિનેરિતઃ ।।

રુદ્રશ્લોકાત્મકઃ સોઽયં કુર્યાચ્છં મન્ત્રયુક્સ્તવઃ ।।૧૨।।

।। ઈતિ શ્રીદત્તાપાદારવિંદમિલિંદ બ્રહ્મચારિ પાંડુરંગ (રંગાવધૂત) મહારાજશ્રી વિરચિત મન્ત્રગર્ભોહનુમત્સ્તવઃ સમ્પૂર્ણઃ ।।